# ગ્રાહકફરિયાદનિવારણફોરમ, જુનાગઢ

પશ્ચિમગુજરાતવીજકંપનીલીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોનનં. : ૦૨૮૫ –૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : www.pgvcl.com

CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૦૪/ક્વા-૦૧/૨૦૨૨-૨૩ (રિવ્યુ કેસ) / 482 તા. 21 SEP 2022

રજી.એડી./સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત

પ્રતિ,
ધીરજલાલ સી કક્કડ
૨૨૩,વસુંધરા કોમ્પ્લેક્ષ,
કમલાબાગ પાસે,પોરબંદર
જી. :પોરબંદર, પીનકોડ. :૩૬૦૫૭૭ મોબાઈલ : ૯૯૦૯૦૧૮૫૯૦

વિષય : પોરબંદર જી.આઈ.ડી.સી માં આવેલ અમારી ફેક્ટરી માં કનેક્શન આપવામાં પીજીવીસીએલ દ્વારા કરવામાં આવતા અન્યાય બાબત.

સંદર્ભ : ધીરજલાલ સી કક્કડ ની રજુઆત તારીખ: ૨૦.૦૪.૨૦૨૨

(અત્રેનાફોરમનીનોંધણીનંબર : ૦૦૪/ક્વા-૦૧/૨૦૨૨-૨૩ (રિવ્યુ કેસ))

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(ડી.એસ.રાજપાલ)
કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., જુનાગઢ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, પોરબંદર

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, પોરબંદર શહેર

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ઉદ્યોગનગર

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ
## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ
સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com
CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૪(રીવ્યુ કેસ)/ક્વા-૦૧/૨૦૨૨-૨૩/ ૫૮૨ તા.21 SEP 2022

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૦૪/ક્વા-૦૧/૨૦૨૨-૨૩**

અરજદાર: શ્રી ધીરજલાલ સી કક્કડ ગામ – પોરબંદર

સબડીવીઝન: ઉદ્યોગનગર, પોરબંદર

:: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી પોરબંદર શહેર

:: કોરમ ::

૧) ચેરપર્સન : શ્રી એન.સી.મકવાણા

૨) મેમ્બર સ્વતંત્ર : શ્રી એન.એસ.પંડયા

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ

તારીખ: સોમવાર (૨૨-૦૮-૨૦૨૨) (રિવ્યુ કેસ)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૨-૦૮-૨૦૨૨ (સોમવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા. પીજીવીસીએલ પક્ષકાર દ્વારા શ્રી ધીરજલાલ સી કક્કડ ના જજમેંટ નો રિવ્યુ કેસ કરવામાં આવેલ છે. અગાઉ આપેલ હુકમ નં.પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૦૪/ક્વા-૦૧/૨૦૨૨-૨૩/૪૫૪ તા. ૨૨/૦૭/૨૨ સામે રિવ્યુ કેસ દાખલ કરેલ છે.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, અમારો પોરબંદર જી.આઈ.ડી.સી વસાહત માં પ્લોટ નં ૩૨૩ આવેલ છે. આ પ્લોટ પર નવું કનેક્સન લેવા અમો દ્વારા ૧૨ માસ અગાઉ પી.જી.વી.સી એલ કચેરી માં જરૂરી ફોર્મ ભરી જરૂરી ડોક્યુમેન્ટ જમા કરાવી પી.જી.વી.સી.એલ માં અરજી કરેલ છે . તે અંગે પી.જી.વી.સી.એલ ના પત્ર માં જણાવ્યા મુજબ અગાઉ ના કોઈ ગ્રાહક ની બેંક ગેરેંટી બાકી હોઈ જેથી આપે અમારું કનેક્સન અટકાવેલ છે તે અન્વયે અમો એ જણાવેલ કે આ બેંક ગેરેંટી જુના ગ્રાહક દ્વારા આપવાની થતી હતી હાલ આ જગ્યા ના માલિક અમો છે જે અંગે ના પુરાવા અમો એ આપ સાહેબ ને અરજી સાથે આપેલ છે.અને ઉપરોક્ત બાબત માં પી.જી.વી.સી.એલ દ્વારા સેટલમેંટ કરી ૧૫ લાખ

જેવી માતબર રકમ તો પી.જી.વી.સી.એલ ને મળેલ છે. અને તમામ મૂળ રકમ ચૂકતે થયેલ છે. ફક્ત એક બેંક ગેરેંટી જૂની પાર્ટી દ્વારા અપાયેલ નથી અને તેના થી પી.જી.વી.સી.એલ ને કોઈ આર્થીક નફો કે નુકસાન થતું હોઈ તેવું જણાતું નથી. અમો આ જી.આઈ.ડી.સી માં ૧૯૯૨ થી ધંધો રોજગાર કરીએ છે અને ૨ ફેક્ટરી ધરાવીએ છે અમારા પર પી.જી.વી.સી.એલ નુ ક્યારેય કોઇપણ લેણું ચડત થયેલ નથી કે કોઈ કેસ કે ચોરીનો બનાવ બનેલ નથી અમો એક પી.જી.વી.સી.એલ ના સારા ગ્રાહક તરીકે ની છાપ ધરાવીએ છે અને અમો એ જયારે આ ફેક્ટરી ખરીદી વખતે પણ અમો પી.જી.વી.સી.એલ ની ઓફીસ પર રૂબર પૂછવા ગયેલા હતા કે આ પ્લોટ પર બાકી લેણું છે કે નહિ તો ત્યાંથી એવું કહેલ હતું કે ના આ પ્લોટ પર કોર્ટ માં સમાધાન થયેલ છે અને પૂરી રકમ ભરપાઈ કરેલ છે જયારે હવે એવું કહે છે કે આ અંગે તમારે ૮ લાખ જેવી માતબર રકમ ભરવા જણાવેલ છે. ત્યારબાદ જ આમો દ્વારા આ ફેક્ટરી ખરીદ કરવામાં આવેલ હતી તેથી અમો આ કેસ માં એકદમ નિર્દોષ છે અંગે અમો ને ખોટી રીતે પી.જી.વી.સી.એલ દ્વારા હેરાન કરવામાં આવે છે અને અન્યાય કરવામાં આવે છે. તો આ કેસ ને સ્પેશ્યલ કેસ ગણી અમોને કનેક્શન અને ન્યાય મળી રહે તે અંગે આગળ ની કાર્યવાહી કરવા અમારી રજૂઆત છે આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

૨.૧ સદર બાબતે તારીખ ૨૪.૦૮.૨૨ ના રોજ લેખિત માં અરજદાર શ્રી દ્વારા જે રજુઆત કરવા માં આવેલ છે તે નીચે મુજબ છે.

જત જણાવવાનું કે અમારો પોરબંદર જી.આઈ.ડી.સી વસાહત માં પ્લોટ નં ૩૨૩ આવેલ છે. તે અંગે અમો એ ફોરમ માં અગાઉ રજૂઆત કરેલ છે જે અંગે ફોરમ દ્વારા ચુકાદો આપવામાં આવેલ છે જે અંગે પી.જી.વી.સી.એલ દ્વારા રીવ્યુ અરજી દાખલ કરવામાં આવેલ છે જે અંગે ની મીટીંગ માં થયેલ ચર્ચા મુજબ અમારી રજુઆતો નીચે મુજબ છે.

૧. અમો દ્વારા ખાન ખનીજ વિભાગ નો પરિપત્ર અગાઉ બીડાણ કરેલ હતો જે અંગે પી.જી.વી.સી.એલ દ્વારા કેહવામાં આવેલ છે કે તે આ કેસ માં લાગુ પાડી શકાય નહિ તે અન્વયે જણાવાનું કે પરિપત્ર માં તો કોઈપણ રકમ લીધા સિવાય કનેક્સન આપી શકાય તેવો ઉલ્લેખ છે જયારે આ કેસ માં તો મુળ રકમ ૧૦૦% ભરપાઈ થયેલ છે ફક્ત એક બેંક ગેરેંટી એટલે જે એક ડોક્યુમેન્ટ જ આપવાનું બાકી રહી ગયેલ હતુ જે પણ હાલ ના સંજોગો માં તો પી.જી.વી.સી.એલ દ્વારા રકમ ભર્યા પેહલા લઈ લેવામાં આવે છે ફક્ત અમારા એક કેસ માં જ જેતે વખતે લીધેલ નથી અને તેમની ભૂલ નો ભોગ અમારે બનવું પડ્યું છે.

૨.આ ફેક્ટરી પર કેસ પારસમણી આઈસ ના ભાગીદારો ૧. શાંતિલાલ લધુભાઈ ખોખરી ૨. વિનોદભાઈ દેવજીભાઈ સલેટ પર ઘણા વર્ષો પેહલા થયેલ છે અને સમાધાન ધાર્મિક કુબાવત દ્વારા કરવામાં આવેલ છે આ સમાધાન ફેબ્રુઆરી ૨૦૧૮ માં થયેલ છે જયારે ધાર્મિક કુબાવત ના નામે આ ફેક્ટરી તારીખ- ૦૨-૧૧-૨૦૧૮ ના રોજ થયેલ છે જેની ઓર્ડર ની નકલ આ સાથે રજુ કરેલ છે જેથી આ સમાધાન સાથે ત્રાહિત વ્યક્તિ દ્વારા કરેલ છે તેમ કેહવું ખોટું નથી અને ત્રાહિત વ્યક્તિ દ્વારા કરવામાં આવેલ સમાધાન કાયદાકીય રીતે માન્ય નથી.

૩.આ કેસ માં મુળ કોઈ રકમ બાકી ના હોઈ ફક્ત એક બેંક ગેરેંટી એટલે જે એક ડોક્યુમેન્ટ જ આપવાનું બાકી રહી ગયેલ હોઈ તે અંગે પી.જી.વી.સી.એલ દ્વારા કોઈ લેટર પણ લખવામાં આવેલ નથી અમોને કે અન્યોને આ ડોક્યુમેન્ટ આપવાનું બાકી છે તેમ તેની ભૂલ ના પરિણામે અમારી ફેક્ટરી આજ દિન સુધી અમારે મશીનરી લોન સહિત ની બધી ચીજવસ્તુ રેડી હોવા છતા અમો ફેક્ટરી ચાલુ કરી શક્યા નથી અને રોજગારી નું સર્જન કરી સકેલ નથી.તો આ અંગે યોગ્ય ન્યાય કરવા વિનંતી છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અત્રેની કચેરી હેઠળની પેટા વિભાગીય કચેરી ઉદ્યોગનગર સબ ડિવિઝન હેઠળ નવા કનેક્શન માટેના અરજદાર શ્રી ધીરજલાલ ચંદુલાલ કક્કડ, જીઆઇડીસી પ્લોટ નં.૩૨૩ માં હાલના કબજેદાર દ્વારા નવા વિજ કનેક્શન ની માગણી કરવામાં આવેલ, પરંતુ અગાઉ સદર પ્લોટ ના કબજેદાર ૧૦૦% ડીપીસી ની રકમ માફ કરવા માટે જરૂરી બેંક ગેરેંટી આપેલ નથી અને સ્થળ પર નવું કનેક્શન પણ માંગેલ નથી. ટૂંક માં લોક અદાલતની શરતોનું પાલન કરેલ નથી. તેથી અરજદાર જે નવું કનેક્શન માંગેલ તે ના મળતા તેઓ દ્વારા નામદાર સીજીઆરએફ માં અરજી કરેલ. જેની સુનાવણી થઇ જતા સંદર્ભ પત્ર નં.-૨ થી જજમેન્ટ આવેલ છે. જેમાં દર્શાવ્યા મુજબ અરજદારશ્રી ની રજૂઆત ગ્રાહ્ય રાખીને તેમને નવું કનેક્શન આપવા અંગેનો જરૂરી હુકમ કરેલ છે. તેથી સદર કેસ રીવ્યુ કરવા માટે અત્રેની વિભાગીય કચેરી હેઠળ ની ઉદ્યોગનગર પેટા વિભાગીય કચેરી દ્વારા સંદર્ભ નં.-૩ થી સદર કેસ રીવ્યુ કરવા માટે જણાવેલ છે. તો નીચેના મુદ્દાઓ ધ્યાને લઈ અરજી રીવ્યુ કરવા વિનંતી.

3.૧ ૧. અરજદાર દ્વારા સુનાવણી દરમિયાન જે પરિપત્ર ધ્યાને લીધેલ તે પરિપત્ર ગુજરાત સરકારશ્રી ના ઉદ્યોગ અને ખાણ વિભાગના પત્ર કમાંક જીએસએફસી/(જીઆઈસી) ૧૦-૨૦૦૩-૧૭૧૧ થી તા.૦૭-૦૨-૨૦૦૪, જે નકલ રજુ થયેલ છે તે ફક્ત હરાજી થી જે એકમનું વેચાણ થાય તે કીસ્સામાં જ લાગુ પડે છે. આ કિસ્સામાં લાગુ પાડી શકાય નહિ. તેવું અમારું સ્પષ્ટ માનવાનું થાય છે. (પરિપત્રની નકલ આ સાથે સામેલ રાખેલ છે.)

૨. વધુમાં સદર જગ્યા પર ૨૫% ડીપીસી ની રકમ રૂ. ૮,૧૩,૬૧૨=૦૦ બાકી રકમ બોલે છે એટલે સપ્લાય કોડ ના પેરા ક્લોઝ નંબર ૪.૩૦ મુજબ જે જગ્યા પર બાકી લેણા હોય તે જગ્યા એ નવું કનેક્શન આપી શકાય નહિ. તે બાબત નો સ્પષ્ટ ઉલ્લેખ થયેલો છે.

૩. આપ નામદાર સીજીઆરએફ દ્વારા જે પરિપત્ર ધ્યાને લીધેલ તે આ કેસમાં લાગુ પાડી શકાય નહિ.

૪. જે અરજદારો દ્વારા **GSFC** માંથી હરાજી દ્વારા વેચાણ લેવામાં આવેલ તેવા કિસ્સામાં સદર પરિપત્ર નો અમલ કરવામાં આવેલ છે અને તેમને નવા વીજ કનેક્શન પણ ફાળવવામાં આવેલ છે. આમ ઉપરોક્ત દર્શાવેલ મુદ્દાઓ ધ્યાને લઈને સંદર્ભ પત્ર થી આપવામાં આવેલ જજમેન્ટ રીવ્યુ કરવા આપ નામદાર સાહેબશ્રી ને નમ્ર અરજ છે.

3.૨ વધુ માં કાર્યપાલક ઈજનેર શ્રી શહેર વિભાગીય કચેરી પોરબંદર દ્વારા તારીખ- ૨૯.૦૮.૨૦૨૨ ના રોજ ઈ-મેઈલ મારફત જણાવેલ છે કે, શ્રી પારસમણી આઈસ ફેકટરી નું તા.૧૦-૦૨-૨૦૧૮ના રોજ લોક અદાલતમાં સમાધાન કરવામાં આવેલ હતું. લોક-અદાલતની શરત અનુસાર ૧૦૦% ડીપીસી બાદ

કરવા માટે જે બેંક ગેરેંટી પાર્ટી દ્વારા રજુ કરવાની હતી તે પાર્ટી દ્વારા રજુ કરેલ નથી.આ અંગે કોઈ કાનુની કાર્યવાહી PGVCL દ્વારા કરવામાં આવેલ નથી. સીજીઆરએફના નિર્ણયમાં જે પરિપત્ર અનુસાર કનેક્શન આપવા માટે જણાવેલ છે તે અનુસાર કનેક્શન આપી શકાય નહિ કારણ કે હાલના અરજદાર દ્વારા સદર પ્લોટ GSFC ની હરાજીમાંથી ખરીદેલ નથી. તેથી CGRF ના નિર્ણય અનુસાર કનેક્શન આપી શકાય નહિ આ બાબત ધ્યાને લઇ અમારી રીવ્યુ અરજી ગ્રાહ્ય રાખવા આપ સાહેબને નમ્ર વિનંતી છે.

:: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓનાં આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર રજુઆત બાબતે અરજદાર શ્રી દ્વારા તા. ૨૪.૦૮.૨૦૨૨ ના રોજ લેખિત રજુઆત કરેલ છે. તે અનુસંધાને પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જે તે વખતે ત્રાહિત વ્યક્તિ દ્વારા લોક અદાલત માં સમાધાન કરવામાં આવેલ તે અંગે નો પ્રત્યુતર પાઠવવામા આવેલ નથી.

૪.૨ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા શ્રી ધીરજલાલ સી કક્કડ ના જજમેંટ નો રિવ્યુ કેસ કરવામાં આવેલ છે. તેના પર ફેર વિચારણી કરતાં અગાઉ આપેલ હુકમ નં.પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૦૪/ક્વા-૦૧/૨૦૨૨-૨૩/૪૫૪ તા. ૨૨/૦૭/૨૨ નો હુકમ કાયદા ની પરિસ્થિતી ધ્યાને લઈ અને ન્યાયિક રીતે કરવામાં આવેલ છે.

૪.3 તેમજ નામદાર હાઈકોર્ટ દ્વારા સ્પેશિયલ સિવિલ એપ્લી. નં. ૬૨૮૧/૨૦૨૧ જે યોગેશ લક્ષ્મણભાઈ ચોવટીયા ગામ- રાતીધાર, તા.તાલાળા વિરુદ્ધ નાયબ ઈજનેર શ્રી આંકોલવાડી પેટા વિભાગીય કચેરી (વિભાગીય કચેરી વેરાવળ) ના કામે તા. ૦૨/૦૮/૨૦૨૨ ના રોજ જે હુકમ કરવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

4. Learned advocate Mr.Raval appearing for the petitioners has placed reliance on the order dated 27.01.2010 passed in Letters Patent Appeal No.91 of 2010 and also relied upon provision of Section 43 of the Electricity Act, 2003 (for short "the Act") C/SCA/6281/2021 ORDER DATED: 02/08/2022 and has submitted that the provision refers for supply of electricity to any owner or occupier of any premises. It is submitted that the petitioners can be said to be "occupier" of the land in question and the respondents cannot deny the electricity connection to them.

6. At this stage, it would be apposite to refer to Section 43 of the Act.
"Section 43. (Duty to supply on request): -(1) [Save as otherwise provided in this Act, every distribution] licensee, shall, on an application by the owner or occupier of any premises, give supply of electricity to such premises, within one month after receipt of the application requiring such supply:
Provided that where such supply requires extension of distribution mains, or commissioning of new sub-stations, the distribution licensee shall supply the electricity to such premises immediately after such extension or commissioning or within such period as may be specified by the Appropriate Commission:
Provided further that in case of a village or hamlet or area wherein no provision for supply of electricity exists, the Appropriate Commission may extend the said period as it may consider necessary for electrification of such village or hamlet or area.

C/SCA/6281/2021 ORDER DATED: 02/08/2022 (2) It shall be the duty of every distribution licensee to provide, if required, electric plant or electric line for giving electric supply to the premises specified in sub-section (1):

Provided that no person shall be entitled to demand, or to continue to receive, from a licensee a supply of electricity for any premises having a separate supply unless he has agreed with the licensee to pay to him such price as determined by the Appropriate Commission.

(3) If a distribution licensee fails to supply the electricity within the period specified in sub-section (1), he shall be liable to a penalty which may extend to one thousand rupees for each day of default."

8. The Division Bench of this Court, in the order dated 27.01.2010 passed in Letters Patent Appeal No.91 of 2010, has observed thus:

"In the present case, Counsel for the appellant has failed to show that any provision laid down under law or guidelines allowing a company to recover its dues by seizure of property or by auction sale of such property for which condition is imposed on consumer to show right or title in giving electrical connection. Such power being not vested under the law with the company and as the company cannot decide the disputed question of right and title, we are of the view that ownership or right of occupancy has no nexus with grant of electrical connection to a consumer."

9. Thus, the petitioners, who are the occupiers of the land, cannot be denied the electricity connection only because dispute with regard to C/SCA/6281/2021 ORDER DATED: 02/08/2022 decision of the land in question is pending. The Division Bench has observed that the company cannot decide the disputed question of right and title and the ownership or right of occupancy has no nexus with grant of electrical connection to a consumer.

10. Under the circumstances, the respondent- Company is directed to supply electricity connection to the petitioners in the premises or in the property, where they are presently staying and occupying the same.

ઉપરોક્ત બાબત ધ્યાને લેતા અને સદર હુકમ ના પારા નં. ૪,૬,૮,૯ અને ૧૦ માં જણાવ્યા મુજબ વીજ કનેક્શન માંગનાર અરજદાર શ્રી ધીરજલાલ સી. કકકડ ને વીજ કનેક્શન આપવા ઇન્કાર કરી શકાય નહીં.

૪.૪ તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૫ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

શ્રી એન.એસ.પંડયા
સ્વતંત્ર સભ્ય

શ્રી એન.સી.મકવાણા
ચેરપર્સન

નોંધ:-

(૧) અરજદાર સદર હુકમ થી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિન-30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલશ્રી નું સરનામું : વિદ્યુત લોકપાલની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧